# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,

**Accredited Grade "A" by NAAC (CGPA 3.28)**

## જામનગર.

**-: સેનેટની ચૂંટણી અંગેની જાહેરાત :-**

આથી જાહેર કરવામાં આવે છે કે, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી ધારાની કલમ-15(1) વર્ગ-II (A) (ii) અન્વયે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની સેનેટ પર નોંધાયેલા સ્નાતકોના મતદાર વિભાગની જગ્યાઓ માટેની આગામી ચૂંટણી અંગેનો કાર્યક્રમ નીચે મુજબ છે.

| અનુ નં | મતદાર વિભાગ | જગ્યાઓ | ઉમેદવારી પત્રકો સ્વીકારવાની છેલ્લી તારીખ તથા સમય | ઉમેદવારી પત્રકોની ચકાસણીની તારીખ તથા સમય | ઉમેદવારી પત્રકો પાછા ખેંચવાની તારીખ તથા સમય | ચૂંટણીની તારીખ |
|---|---|---|---|---|---|---|
| 1 | નોંધાયેલા સ્નાતકોનો મતદાર વિભાગ. (Registered Graduate's Constituency ) | 7 (સાત) | 04-07-2019 સાંજના 4-00 વાગ્યા સુધી | 05-07-2019 સાંજના 4-00 વાગ્યા સુધી | 06-07-2019 સાંજના 4-00 વાગ્યા સુધી | 28-07-2019 |

2. આ જગ્યાઓ ઉપર જેઓના નામ સંબંધિત મતદાર વિભાગની મતદાર યાદીમાં હશે, તેઓ ઉમેદવારી કરી શકશે.
3. ઉમેદવારી પત્રકો નિયત કરેલા ફોર્મમાં હોવા જોઈએ અને તેમાં ઉમેદવાર તેમજ બે મતદારો કે જેમને મત આપવા અધિકાર છે, તેમની સહી, તેમના પુરાં નામ, જો કોઈ પદવી હોય તો પદવી, તેમના પુરા સરનામા અને હોદા હોવા જોઈએ.
4. ઉમેદવારી પત્રક પર પોતાની સંમતિ દર્શાવ્યા વગર કોઈપણ મતદારચૂંટણીમાં ઉમેદવારી કરી શકશે નહિં.
5. ઉમેદવારી પત્રક કોઈપણ મતદારને માંગણી કર્યેથી કાર્યાલયમાંથી વિનામુલ્યે મળી શકશે.
6. નોંધાયેલા સ્નાતકોના મતદાર વિભાગ માટેના ઉમેદવારે ઉમેદવારી પત્રક પહોંચાડતા પહેલા ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી કાર્યાલયને રૂા.૧૦૦/- (એકસો) રોકડા ડીપોઝીટના ભરવાના રહેશે તથા ભરેલ રકમની પહોંચનો નંબર ઉમેદવારી પત્રકમાં અવશ્ય દર્શાવવાનો રહેશે. જે ઉમેદવારે ડીપોઝીટની રકમ નહિં ભરેલ હોય તેમનું ઉમેદવારી પત્રક માન્ય ગણાશે નહિં.
7. ઉમેદવારી પત્રકોની ચકાસણી વખતે ઉમેદવારો પોતે અગર તો તેમણે આ સબંધમાં જેને લેખીત અધિકાર આપ્યો હોય તેવી વ્યકિતઓ હાજર રહી શકશે.
8. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની ધારાની કલમ-48 તેમજ સ્ટેચ્યુટ-126 અનુસાર ઉપર્યુકત ચૂંટણીઓ "Proportional representation by means of a single transferable vote by ballot" ની પધ્ધતિ અનુસાર ગુપ્ત મતદાનથી કરવામાં આવશે અને આ મત પધ્ધતિ અનુસાર

   (1) પ્રત્યેક મતદારને એક સંક્રામ્ય (Transferable) મત આપવાનો અધિકાર રહેશે.

(2) અ : જે ઉમેદવાર માટે મત આપવામાં આવે તે ઉમેદવારના નામની સામે મતપત્રમાં મતદારે 1 દર્શાવવો આવશ્યક છે અને બ : વધારામાં પોતાની પસંદગીના બીજા ઉમેદવારોના નામોની સામે 2,3,4,5 અને તે પછીની સંખ્યા ક્રમાંક પ્રમાણે દર્શાવી શકશે.

9. ચૂંટણીઓમાં હરીફાઈ થશે તો હરીફ ઉમેદવારો અંગેની માહિતી મતદારોને ઉમેદવારી પત્રકોની ચકાસણી પછી બનતી ત્વરાએ મોકલવામાં આવશે.

10. મતદાન તારીખ :- 28-07-2019

મતદાન સમય :- સવારના 8-00 થી સાંજના 5-00 વાગ્યા સુધી

મતદાન મથક :- નીચે મુજબ છે.

| ક્રમાંક | સ્થળ | મતદાન મથક |
|---|---|---|
| (1) | અમદાવાદ | સરકારી અખંડાનંદ આયુર્વેદ મહાવિદ્યાલય. |
| (2) | અમરેલી | કમાણી સાયન્સ કોલેજ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ. |
| (3) | વી વી નગર | શ્રી જી જે પટેલ આયુર્વેદ કોલેજ. |
| (4) | ભરૂચ | શ્રી જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ. |
| (5) | ભાવનગર | શેઠ જી. પ્ર. આયુર્વેદ મહાવિદ્યાલય. |
| (6) | ભૂજ | શ્રી આર. આર. લાલન કોલેજ. |
| (7) | દાહોદ | સરકારી પોલીટેકનીક. |
| (8) | ગાંધીનગર | સ્ટેટ ગવર્મેન્ટ કોલેજ, કોલવડા |
| (9) | ગોધરા | શેઠ પી. ટી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ. |
| (10) | હિંમતનગર | એસ.એસ. મહેતા આર્ટસ એન્ડ એમ. એમ. પટેલ કોમર્સ કોલેજ. |
| (11) | જામનગર | શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય. |
| (12) | જુનાગઢ | સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય. |
| (13) | નડીયાદ | શ્રી જો. શં. આયુર્વેદ મહાવિદ્યાલય. |
| (14) | નવસારી | બી. પી. બારીઆ સાયન્સઈન્સ્ટીટયુટ. |
| (15) | પાલનપુર | જી. ડી. મોદી કોલેજ ઓફ આર્ટસ. |
| (16) | મહેસાણા | શ્રી સાર્વજનીક મંડળ સંચાલિત શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કોલેજ |
| (17) | પોરબંદર | શ્રી વી. જે. મોઢા કોલેજ ઓફ ઇન્ફોર્મેશન ટેકનોલોજી. |
| (18) | રાજકોટ | શ્રીમતી કે.એસ.એન. કણસાગરા મહિલા કોલેજ, કાલાવડ રોડ. |
| (19) | સુરત | શ્રી ઓ. હી. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય. |
| (20) | સુરેન્દ્રનગર | શ્રી એમ. પી. શાહ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ. |
| (21) | વડોદરા | સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય. |
| (22) | વલસાડ | શ્રીમતી જે. પી. શ્રોફ આર્ટસ કોલેજ. |

---

જામનગર.

તા.06-06-2019

હુકમથી,

(એચ. પી. ઝાલા)

ઈ.કુલસચિવ

Gujarat Ayurved University, Jamnagar
Toll Free No. 1800 233 7324
ફેક્સ નંબર-91-0288-2555585
ફોન નંબરઃ- 2660002

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,

Accredited Grade "A" by NAAC (CGPA 3.28)
સેનેટ સિન્ડિકેટ
ચાણક્ય ભવન, જામનગર-361 008
Email-syndicate@ayurveduniversity.com
Web :www.ayurveduniversity.edu.in

તાત્કાલીક-જરૂરી

રજી.એ.ડી.

નં.એસ.એસ-5/ચુંટણી-12/2019-2020/ 681

તા.13/06/2019
14

પ્રતિ
સર્વે સ્નાતક મતદારો તરફ....
ભાઈશ્રી / બહેનશ્રી,

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના નોંધાયેલા સ્નાતક મતદાર વિભાગ (રજીસ્ટર્ડ ગ્રેજયુએટ કોન્સ્ટીટયુઅન્સી) માટેની સેનેટની 7 (સાત) જગ્યાઓ માટેની ચૂંટણી તારીખ 28/07/2019ને રવિવારના રોજ સવારના 8-00 થી સાંજના 5-00 વાગ્યા સુધી રાખવામાં આવેલ છે. આ ચૂંટણી માટે ઉમેદવારી પત્રકો સ્વીકારવાની છેલ્લી તા.04/07/2019 સાંજના 4-00 સુધી, ઉમેદવારી પત્રકોની ચકાસણીની તા.05/07/2019 સાંજના 4-00 સુધી તથા ઉમેદવારી પત્રકો પાછા ખેંચવાની તારીખ 06/07/2019 સાંજના 4-00 વાગ્યા સુધી રાખવામાં આવેલ છે, જે આપની જાણ માટે.

સદરહુ ચૂંટણી માટે આપ પણ એક મતદાર છો અને આપ આપના ઓળખપત્રમાં દર્શાવેલ મતદાન મથક પર જ મતદાન કરી શકશો. આપના મતદાન મથક પર મતપત્ર સવારના 8-00 થી સાંજના 5-00 વાગ્યા સુધી ચૂંટણીના દિવસે મળી શકશે. યુનિવર્સિટીમાં નોંધાયેલા સ્નાતક મતદારોએ મતપત્ર મેળવવા માટે યુનિવર્સિટી ધ્વારા આપવામાં આવેલ ફોટાવાળું મતપત્ર રજૂ કરવું જરૂરી છે, જે આ સાથે સામેલ છે જેમાં આપેલ સૂચનાઓ મુજબ આપની સહી કરવાની રહેશે. આ ઓળખપત્ર તથા સરકાર માન્ય આઈડી કાર્ડ રજૂ કર્યેથી જ નિયત કેન્દ્ર પર આપને મતદાન કરવા દેવામાં આવશે. આ ઓળખપત્ર મતદાન બાદ ચૂંટણી ફરજ પર ના અધિકારીને સોંપવાનું રહેશે.

માન્ય ઉમેદવારોની યાદી યુનિવર્સિટી વેબસાઈટ: www.ayurveduniversity.edu.in પર તા.10-07-2019 ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવશે.

આપનો વિશ્વાસુ,
(એચ.પી. ઝાલા)
ઈ. કુલસચિવ

બિડાણ :- ઉપર જણાવ્યા અનુસાર ઓળખપત્ર-1 (એક)

નોંધ :- મતદાન મથકની વિગત તથા મતદાર માટે માર્ગદર્શક સુચના પાછળ દર્શાવેલ છે.

**મતદાન તારીખ:-** 28-07-2019

**મતદાન સમય:-** સવારના 08-00 થી સાંજના 05-00 વાગ્યા સુધી

## -: મતદાન કેન્દ્રો :-

(1) સરકારી અખંડાનંદ આયુર્વેદ મહાવિદ્યાલય, અમદાવાદ

(2) કમાણી સાયન્સ કોલેજ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ, અમરેલી

(3) શ્રી જી.જે પટેલ આયુર્વેદ કોલેજ. વી વી નગર

(4) શ્રી જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ. ભરૂચ

(5) શેઠ જી.પ્ર. આયુર્વેદ મહાવિદ્યાલય. ભાવનગર

(6) શ્રી આર. આર. લાલન કોલેજ. ભુજ

(7) સરકારી પોલીટેકનીક. દાહોદ

(8) સરકારી મોડેલ આયુર્વેદ કોલેજ, કોલવડા ગાંધીનગર

(9) શેઠ પી.ટી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ. ગોધરા

(10) શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય. જામનગર

(11) સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય. જુનાગઢ

(12) શ્રી જો. શં. આયુર્વેદ મહાવિદ્યાલય. નડીયાદ

(13) બી. પી. બારીઆ સાયન્સ ઇન્સ્ટીટયુટ. નવસારી

(14) જી. ડી. મોદી કોલેજ ઓફ આર્ટસ. પાલનપુર

(15) શ્રી વી.જે. મોઢા કોલેજ ઓફ ઇન્ફોર્મેશન ટેકનોલોજી. પોરબંદર

(16) શ્રી ઓ. હી. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય. સુરત

(17) શ્રી એમ.પી. શાહ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ. સુરેન્દ્રનગર

(18) શ્રીમતી કે.એસ.એન. કણસાગરા મહિલા કોલેજ, કાલાવડ રોડ. રાજકોટ

(19) સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય. વડોદરા

(20) શ્રીમતી જે. પી. શ્રોફ આર્ટસ કોલેજ. વલસાડ

(21) એસ.એસ.મહેતા આર્ટસ એન્ડ એમ.એમ.પટેલ કોમર્સ કોલેજ. હિમતનગર

(22) શ્રી સાર્વજનીક મંડળ સંચાલિત શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કોલેજ. મહેસાણા

## -: મતદાર માટે માર્ગદર્શક સુચના :-

(૧) પ્રત્યેક મતદારને એક સંક્રમણીય મત આપવાનો અધિકાર રહેશે.

(૨) પોતાનો મત આપતી વખતે મતદારે:

(અ) પોતે જે ઉમેદવારને પોતાનો પ્રથમ પસંદગીનો મત આપવા ઈચ્છતા હોય તેના નામની સામે મતપત્રમાં રાખવામાં આવેલી જગ્યામાં અંક ૧ દર્શાવવો અને

(બ) આ ઉપરાંત જે કોઈ અન્ય ઉમેદવારો તરફ તે પછીના ક્રમે પોતાની પસંદગી દર્શાવવા ઈચ્છતા હોય તેમના નામની સામે અનુક્રમે ૨, ૩ વિગેરે ક્રમાનુસાર દર્શાવી શકે છે.

(ક) ઉપરોક્ત મતપત્રમાં અંકો ૧, ૨, ૩... વિગેરે એક જ ભાષા (અંગ્રેજી / ગુજરાતી) માંજ દર્શાવવાનાં રહેશે.

(૩) જે કોઈ મતપત્ર ઉપર:

(અ) પ્રથમ પસંદગી દર્શાવતો એક માત્ર અંક ૧ દર્શાવવામાં આવ્યો ન હોય, અથવા

(બ) પ્રથમ પસંદગી દર્શાવતો એક માત્ર અંક ૧ કરતાં વધુ ઉમેદવારોના નામની સામે દર્શાવવામાં આવ્યો હોય, અથવા

(ક) પ્રથમ પસંદગી દર્શાવતો એક માત્ર અંક ૧ અને તેની સામે અન્ય કોઈ અંક અગર નિશાન તે જ ઉમેદવારના નામની સામે દર્શાવવામાં આવ્યા હોય, અથવા

(ડ) ક્યા ઉમેદવારને માટે પ્રથમ પસંદગી મતદારે દર્શાવી છે તે નક્કી કરી શકાય તેમ ન હોય, અથવા

(ઈ) મતદારે એવું કોઈ નિશાન કર્યું હોય કે જે દ્વારા પછીથી તેને (મતદારોને) જાણી શકાય. અથવા

(ફ) મતદારની પસંદગી દર્શાવેલ અંકોમાં છેકછાક અગર ફેરફાર થયેલ હોય, અથવા

(ગ) પસંદગીનો ક્રમદર્શક અંક મતપત્ર ઉપર તે માટે નિયત કરવામાં આવેલી જગ્યામાં દર્શાવવામાં આવ્યો ન હોય.

તે મતપત્રને રદબાતલ ગણવામાં આવશે.